# હેપી બર્થ ડે ટુ ઈન્ડિયા

આવતી કાલ ૧૫ ઓગસ્ટ ૨૦૧૦. ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ ના દિવસે ભારતનો જન્મ થયેલ.આ રીતે વિચારતાં ભારતનો ૬૪મો જન્મ દિવસ આવતી કાલે છે. આપણો દેશ, આપણી માતૃભૂમિના જન્મ દિવસને ઉજવવા આપણે કેવી અને કેટલી તૈયારી કરી રહ્યાં છીએ? દર વર્ષે ૧૫ ઓગસ્ટ આવે છે, ભારતના લગભગ ૧૦૦ કરોડ લોકોમાંથી કેટલા લોકો ભારત માતાનો જન્મ દિવસ ઉજવે છે? સંખ્યામાં વિચાર કરો ? દુ:ખ થાય તેવું પરિણામ છે ને ? જે લોકો ભારતનોજ્ન્મ દિવસ ઉજવતા નથી તેઓ માટે પણ થોડી વિચારણા કરો. શું તેઓ પોતાનો કે પોતાના મિત્રનો જન્મ દિવસ ઉજવે છે કે નહીં ? મિત્રના જન્મ દિવસને કેટલા દિવસ અગાઉથી યાદ રાખે છે ? મિત્રને રાત્રે બરાબર બાર વાગે ફોન કે એસ.એમ.એસ. કરીને અભિનંદન પાઠવે છે કે કેમ ? આવું કરતાં ખાસ કરીને યુવાન મિત્રો પોતાના દેશના જન્મ દિવસ માટે કેટલો રસ લે છે કે કેટલા ભાઇભાંડુને  અભિનંદન પાઠવે છે ? હકીકત બને છે કે આપણી ઇચ્છા થાય, અનુકૂળતા હોય તો કોઇ ચોક્કસ જગ્યાએ જઇએ છીએ. ધ્વજને ફરકાવીએ છીએ, બે ત્રણ દેશ ભક્તિના ગીત ગાઇને છૂટા પડીએ છીએ. આ કામ પણ સરકારી ઉચ્ચ હોદ્દો ધરાવતા કર્મચારીઓ કે શાળા કોલેજમાં જ થોડા પ્રમાણમાં જોવા મલે છે . બાકીનું શું? શું તેઓનો દેશ નથી ? શું તેમની ફરજ નથી ? શું આ લોકોને પોતાના દેશ માટે માન-પ્રેમ નથી ? જો હોય તો જન્મદિવસ ઉજવવામાં આળસ કેમ ? કે પછી ચાવવાના જુદા અને બતાવવાના જુદા ? આવા લોકો વચ્ચે દેશ કેટલા પ્રમાણમાં વિકાસ સાધી શકે ?

આજે પણ આ દિવસે દિલ્હીના લાલકિલ્લા પરથી ભારતના વડાપ્રધાન પોતાના હસ્તે રાષ્ટ્રીય ધ્વજ ફરકાવીને સલામી આપે છે. પોતાના શાસન કાળની સિદ્ધિઓનું વર્ણન કરે છે, સાથે જ ચાલુ સમયના પડકારોથી દેશની પ્રજાને ચેતવે છે. ઉપરાંત ભવિષ્યમાં દેશના વિકાસ માટે તેમની સરકાર શું કરવા માંગે ચે તેની વાત પણ કરે છે. જેનું પ્રસારણ આખા ભારતમાં ટી.વી. અને રેડિયાના માધ્યમથી કરવામાં આવે છે. આ સમયે તેઓ ભારતને આઝાદી અપાવનાર શહિદોને ભૂલતા નથી. જ્યારે આપણે ? કોઇપણ દેશ માટે તેનો સ્વાતંત્ર્ય દિવસ ગૌરવતા અપાવે છે. આ દિવસે દેશને આઝાદી અપાવવા પોતાનું બલિદાન આપનાર સૌ શહિદોને દિલપૂર્વક સાચા અર્થમાં શ્રદ્ધાંજલી આપવામાં આવે છે.

આપણા દેશમાં બ્રિટિશ લોકો વ્યાપાર કરવા આવ્યા હતા, પણ આપણી નબળાઇ અને તેમના બુદ્ધિચાતુર્યને કારણે તેઓ  માત્ર વ્યાપારનો જ નહીં આપણા દેશનો વહિવટ કરવા લાગ્યા આપણા દેશના લોકો પર જુલ્મ કરવા લાગ્યા. અતિશય જુલ્મથી થાકેલી હારેલી પ્રજાએ શરૂઆતમાં બળવો કર્યો, પછી તો આઝાદી માટે રીતસરના વિવિધ આંદોલનો ચલાવ્યા.જેમાં હજારો હજારો કોલોએ કુરબાની આપી, અંતે હારીથાકીને અંગ્રોજોએ આપણને તેમના જુલ્મ અને પ્રસાશનમાંથી આઝાદ કર્યા. તે રાત હતી ૧૫ ઓગ્સ્ટ અને સમય હતો રાત્રીના ૧૨ કલાકને ૦૨ મિનિટનો. આમ આપણને અડધી રાતે આઝાદી મળી. પણ સાથે આજે પણ પ્રશ્ન થાય છે કે, અડધી રાતે મલેલ આઝાદીની સવાર આજે પણ થઇ છે? ત્રીજી જૂન ૧૯૪૭ ના દિવસે માઉન્ટ બેટને ભારત અને પાકિસ્તાનને આઝાદી આપવા અંગેની જાહેરાત કરી. જેના કારણે ૧૪ ઓગસ્ટ ૧૯૪૭ના દિવસે રાત્રે ૧૧.૫૭ કલાકે પાકિસ્તાને પોતાની આઝાદીની જાહેરાત કરી. તેની પાંચ મિનિટ પછી ૧૫ ઓગસ્ટની ૧૨.૦૨ કલાકે ભારતે પોતાની આઝાદીની જાહેરાત કરી. તે રાત્રે શ્રી અરવિંદ ઘોષે પોતાના જન્મ દિવસે જ ભારતને ઓલ ઈર્નિડયા રેડિયો પરી સંબૌધન કરેલ.  વડાપ્રધાન પંડિત નહેરુએ પણ બીજા જ દિવસે હિંદુ અને મુસ્લિમો વચ્ચે લોહિયાળ જંગ થયેલ. તત્કાલિન ભારતના વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ અને ઉપવડાપ્રધાન શ્રી સરદાર વલ્લભભાઇ પટેલે શ્રી માઉન્ટબેટનને નવા રાષ્ટ્રપતિની નિમણૂંખ ન થાય ત્યાં સુધી તેમના હોદ્દ્ પર ચાલુ રહેવા વિનંતી કરેલ. જે વિનંતી તેમણે

સ્વીકારેલ. ત્યારબાદ જૂન ૧૯૪૮માં  ચક્રવર્તી રાજગોપાલાચારીએ ભારતના રાષ્ટ્રપતિનો હોદ્દો સંભાળ્યો. બીજી બાજુ સરદાર વલ્લભભાઇ પટેલે ભારતના ૫૬૫ રજવાડાને ભારતમાં ભેળવી દીધાં.
ઉપરોક્ત જેવી અનેક હકીકત આપણે વાગોળી શકીએ. પણ એવી હકીકત વાગોળવાનો સમય અને રસ આજે આપણી પાસે કે આજના યુવાનો પાસે છે? ફ્રેન્ડશીપ ડે ને યાદ રાખીને દસ દિવસ પહેલા શુભેચ્છા પાઠવતા આજના યુવાનોના મનમાં ૧૫ ોગસ્ટ માટે કેટલું માન છે ? સલામ છે એવા હજારો યુવાનોને કે જેઓ ભારતની બહાર વસતાં હોવા છતાં આજના દિવસની શુભેચ્છા પાઠવવાનું આજે પણ ભૂલતા નથી. પરદેશમાં રહીને પણ પોતાની માતૃભૂમિને યાદ કરતા જ રહે છે. દીવાળી કે હોળી જેવા તહેવારો જેટલા ધામધૂમથી કે હર્ષોલ્લાસથી ઉજવાય છે તેનાથી અડધો ઉત્સાહ કે આનંદ રાષ્ટ્રીય તહેવારોના દિવસે કેમ દેખાતો નથી? આપણા મન પર ધાર્મિક બાબતોએ જેટલો પ્રભાવ પાડયો છે તેટલો પ્રભાવ રાષ્ટ્રીય બાબતોએ કેમ નથી પાડયે ? આ માટે જવાબદાર કોણ ? તેમાંથી બહાર આવવાના ઉપાયો શું? તે ઉપાયો કોણે અજમાવવાના ? ક્યારે ? આજે દિનપ્રતિદિન શાળા-કોલેજોમાં રાષ્ટ્રીય તહેવારોની ઉજવણીમાં વિદ્યાર્થી સંખ્યા ઘટતી જાય છે. માત્ર વિદ્યાર્થીઓ જ કેમ ? શિક્ષકોની સખ્યા પણ આ દિવસને ઉજવવા કરતાં રજા ભોગવીને ઘેર આરામ કરવાનું કે અન્ય અંગત કામ કરવાનું વધારે પસંદ કરે છે. માટે તો ગુજરાત યુનિવર્સિટીએ પરિપત્ર બહાર પાડીને સૌ વિદ્યાર્થી અને અધ્યાપકો, આચાર્યશ્રીઓને એક સ્થળે એકઠા થઇને રાષ્ટ્રીય તહેવાર ઉજવવાની વાત કરવી પડે છે. યુનિવર્સિટીનું આ પગલું કે પરિપત્ર કેટલો યથાયોગ્ય છે તેયો સમય જ નક્કી કરશે. પણ અત્યારે તો એમ લાગે છે કે, જે થોડીઘણી કોલેજો પોતાની રીતે આ દિવસ ઉજવતી હતી તે પણ આ દિવસને ઉજવવાનું બંધ કરશે. તેના મોટાભાગના વિદ્યાર્થીઓ ઘેર રહેવાનું જ પસંદ કરશે. કોલેજોને આ દિવસ ઉજવવાની સ્વતંત્રતા યુનિવર્સિટીએ પ્રજાસત્તાકદિને જ ઝૂંટવી લીધી હોય તેમ લાગે છે. રાષ્ટ્રીય તહેવારની ઉજવણીમાં આવા નિર્ણયો વધારે સુખદ નિવડવા પર શંકા સેવે છે. હા... બે-ચાર વર્ષ પર યુનિવર્સિટીએ પોતાની કોલેજમાં આ તહેવાર ઉજવવા વિશે કરેલ પરિપત્ર વધારે આનંદદાયક લાગ્યો હતો. આ દિવસની ઉજવણીની જવાબદારી માત્ર શાળા-કોલેજોની જ હોય તેમ સરકાર અને સમાજ માની રહ્યો ચે તેમ લાગે છે. આ અંગે વધુ હકારાત્મક વિચારસરણી લોકો ધરાવતા થાય તે માટેના પ્રયત્નો સરકાર અને સમાજે કરવા જ રહ્યાં. આ દિવસ માત્ર પ્રવચનો નો જ નહીં, પણ વધુ પ્રેરણાદાયી બની રહે તેમ કરવું જરૂરી લાગે છે. જેમાં પ્રચાર માધ્યમોએ પણ પોતાની આગવી અદ્‌ભૂત ભૂમિકા ભજવવી જ રહી. આ દિવસે માત્ર સમાચારો પ્રસારિત કરીને પોતાની ફરજ પૂરી થયાની ભાવનાથી પ્રચાર માધ્યમોએ બહાર આવીને નક્કર પ્રયત્નો કરીને લોકોમાં જીવંતતા અને જાગૃતતા જગાવવી જોઇએ. ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ની રાત્રે ૧૨.૦૨ વાગે નહેરુજીએ કહેલ શબ્દોને યાદ કરીએ. “ઘણાં વર્ષો પહેલાં આપણે નિયતિ સાથે મળવા માટેના સ્થળ અને સમય નક્કી કર્યા હતાં. હવે એ સમય આવી ગયો છે કે આપણે આપણી સંકલ્પનાને સંપૂર્ણપણે તો નહીં પણ મહદઅંશે પ્રાપ્ત કરીએ. રાતના બારના ટકોરે જ્યારે દુનિયા ઊંઘે છે, ત્યારે ભારત સ્વતંત્રતામાં જાગશે. આવી ક્ષણો ક્યારેક જ આવે છે કે, જ્યારે આપણે જૂનામાંથી નવામાં પ્રવેશ કરીએ છીએ અને દેશનો આત્માઇ છે. કે જે વર્ષોથી રૂંધાયેલ છે તે મુક્તિ પામ છે. આજે ભારતની એક બદનસીબીની કાલ પુન:આવિષ્કાર થઇ છે.”
અંતે આવો સૌ દિલપૂવર્ક આજના દિવસે ભારતમાતાને વંદન કરીને કહીએ, “હેપી બર્થ ડે ટુ ઇન્ડિયા”.